સુરેશ જોષી

# તથાપિ



# તથાપિ

સુરેશ જોષીનું સાહિત્યવિશ્વ - કાવ્ય

સુરેશ જોષી

તથાપિ Copyright © by સુરેશ જોષી. All Rights Reserved.

# Contents


| | |
|---|---|
| તથાપિ | v |
| ’એકત્ર’નો ગ્રંથ-ગુલાલ | vi |
| સર્જક-પરિચય | 1 |
| – | 4 |
| પાંચ અંકનું નાટક | 6 |
| ડુમ્મસ: સમુદ્રદર્શન | 18 |
| થાક | 28 |
| કોઈક વાર | 35 |
| તે હવે | 37 |

# તથાપિ

તથાપિ

સુરેશ જોષીનું સાહિત્યવિશ્વ: કાવ્ય

સુરેશ હ. જોષી

સંકલન: શિરીષ પંચાલ

# 'એકત્ર'નો ગ્રંથ-ગુલાલ

આપણી મધુર ગુજરાતી ભાષા અને એના મનભાવન સાહિત્ય માટેનાં સ્નેહ-પ્રેમ-મમતા અને ગૌરવથી પ્રેરાઈને 'એકત્ર' પરિવારે સાહિત્યનાં ઉત્તમ ને રસપ્રદ પુસ્તકોને, વીજાણુ માધ્યમથી, સૌ વાચકો ને મુક્તપણે પહોંચાડવાનો સંકલ્પ કરેલો છે.

આજ સુધીમાં અમે જે જે પુસ્તકો અમારા આ ઈ-બુકના માધ્યમથી પ્રકાશિત કરેલાં છે એ સર્વ આપ

www.ekatrafoundation.org

તથા

https://ekatra.pressbooks.pub

પરથી વાંચી શકશો.

**અમારો દૃષ્ટિકોણ:**

હા, પુસ્તકો સૌને અમારે પહોંચાડવાં છે – પણ દૃષ્ટિપૂર્વક. અમારો ‘વેચવાનો’ આશય નથી, ‘વહેંચવાનો’ જ છે, એ ખરું; પરંતુ એટલું પૂરતું નથી. અમારે ઉત્તમ વસ્તુ સરસ રીતે પહોંચાડવી છે.

આ રીતે –

* પુસ્તકોની પસંદગી ‘ઉત્તમ-અને-રસપ્રદ’ના ધોરણે કરીએ છીએ: એટલે કે રસપૂર્વક વાંચી શકાય એવાં ઉત્તમ પુસ્તકો અમે, ચાખીચાખીને, સૌ સામે મૂકવા માગીએ છીએ.

* પુસ્તકનો આરંભ થશે એના મૂળ કવરપેજથી; પછી હશે તેના લેખકનો પૂરા કદનો ફોટોગ્રાફ; એ પછી હશે એક ખાસ મહત્ત્વની બાબત – લેખક પરિચય અને પુસ્તક પરિચય (ટૂંકમા) અને પછી હશે પુસ્તકનું શીર્ષક અને પ્રકાશન વિગતો. ત્યાર બાદ આપ સૌ પુસ્તકમાં પ્રવેશ કરશો.

– અર્થાત્, લેખકનો તથા પુસ્તકનો પ્રથમ પરિચય કરીને લેખક અને પુસ્તક સાથે હસ્તધૂનન કરીને આપ પુસ્તકમાં પ્રવેશશો.

**તો, આવો. આપનું સ્વાગત છે ગમતાના ગુલાલથી.**


*

Ekatra Foundation is grateful to the author for

allowing distribution of this book as ebook at no charge. Readers are not permitted to modify content or use it commercially without written permission from author and publisher. Readers can purchase original book form the publisher. **Ekatra Foundation** is a USA registered not for profit organization with objective to preserve Gujarati literature and increase its audience through digitization. For more information, Please visit: www.ekatrafoundation.org and https://ekatra.pressbooks.pub.

***

# સર્જક-પરિચય



સુરેશ હ. જોષી (જ. 30-5-1920, અવ. 6-9-1986) ગુજરાતી સાહિત્યની એક અનોખી પ્રતિભા હતા.

કોઈપણ સાહિત્યમાં જુદીજુદી શિક્તવાળા અનેક લેખકો હોવાના, કેટલાક વિશેષ પ્રભાવશાળી પણ હોવાના; પરંતુ, આખા સાહિત્યસમયમાં પરિવર્તન આણનારા તો સદીમાં એકબે જ હોવાના – સુ.જો. એવા એક યુગવર્તી સાહિત્યકાર હતા.

એમનો જન્મ દક્ષિણ ગુજરાતના વાલોડમાં. નજીકના સોનગઢના વનવિસ્તારમાં એ ઊછર્યા. એ પ્રકૃતિના સૌંદર્યની, એની રહસ્યમયતાની એમના સર્જકચિત્ત પર ગાઢ અસર પડી.

મુંબઈથી એમ.એ. થઈને પછી કરાંચીમાં, વલ્લભવિદ્યાનગરમાં અધ્યાપન કર્યું. પણ એમની લાંબી કારકિર્દી (1951-1981) તો વડોદરાની મ. સ. યુનિવર્સિટીમાં ગુજરાતીના પ્રોફેસર તરીકે રહી. વડોદરા જ એમની ઉત્તમોત્તમ સાહિત્યપ્રવૃત્તિનું થાનક બન્યું.

સુરેશ જોષીએ વિશ્વભરના સાહિત્યનો વિશાળ અને ઊંડો પરિચય કેળવ્યો. એ સમય પશ્ચિમનાં ચિંતન અને સાહિત્યમાં આધુનિકતા–modernityનો હતો. એના પરિશીલનદ્વારા પરંપરાગત ગુજરાતી સાહિત્યના પ્રવાહને એમણે, પ્રભાવક લેખનથી આધુનિકતાવાદી આંદોલનની દિશામાં પલટયો. સતત લખતા રહીને એમણે પોતાના વિવેચન દ્વારા અને ‘ક્ષિતિજ’ વગેરે 6 જેટલાં સામયિકો દ્વારા નવા યુગની મુદ્રા રચી; કવિતા-વાર્તા-નવલકથા-વિવેચનનાં અનેક પુસ્તકોના અનુવાદ દ્વારા એમણે પશ્ચિમની તેજસ્વી પ્રતિભાઓને ગુજરાતીના લેખકો-વાચકો સામે મૂકી આપીને એક નવા યુગની આબોહવા પ્રગટાવી.

સર્જક તરીકે એમણે કવિતા અને નવલકથા તો લખ્યાં જ, પણ એમની સર્જકતાનું શિખર એમની વિલક્ષણ ટૂંકી વાર્તાઓ. ‘ગૃહપ્રવેશ’(1957)થી શરૂ થતા એ વાર્તાપ્રવાહથકી એમણે માનવચિત્ત અને સંવેદનનાં ઊંડાણોનો

પરિચય કરાવતી વિશિષ્ટ વાર્તા રચી – માત્ર કથા નહીં પણ રચના, એ સુરેશ જોષીનો વાર્તા-વિશેષ.

સુરેશ જોષીનું બીજું સર્જક-શિખર તે એમના સર્જનાત્મક, અંગત ઉષ્માવાળા લલિત નિબંધો. 'જનાન્તિકે'(1965)થી શરૂ થયેલો એ આનંદ-પ્રવાહ બીજાં પાંચ પુસ્તકોમાં વિસ્તર્યો.

આવી બહુવિધ પ્રતિભાવાળા વિદગ્ધ વિવેચક અને સર્જક હોવા ઉપરાંત સુરેશભાઈ સમકાલીન અને અનુકાલીન ગુજરાતી સર્જકો – વિવેચકો માટે પ્રેરણારૂપ પણ બન્યા અને આધુનિક ગુજરાતી સાહિત્યનો નવો પ્રવાહ પ્રગટાવતી એક નૂતન પરંપરા ઊભી થઈ.

(પરિચય – રમણ સોની)

ચિ. પ્રણવ તથા સૌ. સુરભિને

Cured from the craving to know all, my mind
Shall not henceforth be closed to any pain,
And what is portioned out to all mankind,
I shall enjoy in my own heart, contain
Within my spirit summit and abyss,
Pile on my breast their agony and bliss,
Let my own self grow into theirs, unfettered,
Till as they are, at last I, too, am shattered.
**– Goethe**

Granted : one poet's experience
With manual metaphysics
doesn't make a poetics;
but I've pared my nails to the quick
to temper my craft

and these shabby prescriptions
I learned for myself, at first hand :
If you find them uncouth
for a poet's vocation,
I agree – no apologies needed !
I smile toward the future
and I am gone before you can give me your reasons.
**– Pablo Neruda**

# પાંચ અંકનું નાટક

રાતનું પાંચ અંકનું નાટક પૂરું થવા આવ્યું છે
ત્યારે,
છેલ્લા અંકના છેલ્લા દશ્યમાં,
મારો જ મૂગો ચહેરો,
થાક્યોપાક્યો;
દષ્ટિ અન્ધકારને અન્ધકાર સાથે રેણ
કરીને જોડતી;
જીભ શાપ ઉચ્ચારવા અધી બહાર નીકળેલી –
હું અચરજ પામીને જોઈ રહું છું.

હા, કેવળ જોઈ રહું છું.
'હું અહીં ક્યાંથી?'
'આ હું જ છું?'
આવા ગૂઢ આધ્યાત્મિક પ્રશ્નો હું પૂછતો નથી.
છતાં અચરજ તો થાય જ છે:

હું એક અદનો આદમી,

નાના ઘરની નાની બારી પાસે બેસીને
નાનું આકાશ જોનારો;
પુણ્યશાળી તો નહિ,
પાપી પણ નહિ,
પાપ પણ મને તુચ્છ ગણે,
મારી સાથે આંખ મેળવ્યા વિના જ
ચાલી જાય;

દાદાનાં, જૂનાં, સંકેલીને પેટીમાં મૂકેલાં,
વસ્ત્રોમાં સચવાયેલો તેટલો જ ધર્મ
મારો વારસો

દીવાલ પર ભગવાનની છબિ,
એની પાછળ માળો બાંધનાર ચકલી
એમને જેટલા જાણે તેટલા જ હું પણ ઓળખું.
પ્રેમના અઢી અક્ષર જોડવા જેટલી
મેં નથી જોઈ કોઈ નારી!

દુ:ખ એટલે એકાદ નાનું વાદળ
જે કદિક મારી બારીને ઢાંકે,
સુખ એટલે બારીમાંથી પ્રવેશી શકે તેટલા
ચાંદાસૂરજ.
રહસ્ય એટલે થોડા નહિ ઓળખાયેલા
પડછાયા;
ભય એટલે ખોવાઈ ગયેલી ચાવીવાળું
બંધ તાળું.

બાકી તો થોડું આળસ, થોડો કંટાળો.
બસ, આથી વિશેષ ખાસ કશું નહિ,
ને છતાં
હું આ નાટકનું પાત્ર?
ના, નાયક તો નહિ જ હોઉં,
નાયક કાંઈ છેલ્લા અંકમાં આવે?
પણ... પણ...
બીજાં પાત્રો ક્યાં છે?
(કે પછી આ એકપાત્રી નાટક હશે?)
હું અવળી ગતિ કરીને
પાંચમા અંકમાંથી પહેલા અંકમાં જાઉં?
પહેલા અંકમાં હશે કોઈ નાયિકા,
પ્રેમ કરવાની એની વય થઈ હશે –
કેવી હશે એની આંખ?
પૃથ્વી પરના તૃણને આકાશના તારા સાથે
જોડનારી?
કે પછી પોતાની જ સંતાડેલી ભીરુ
ગભરુ લાગણીની છાયાથી કાળી કાળી?
સિંહઘન અરણ્યમાં એકલી સિંહણ?
એનાં ચરણમાં
નતજાનુ પ્રમથ?
કેવડાના વનમાં સરતા નાગના
જેવા એના શ્વાસ?
બસ, બસ, બસ –
(આ કોણ બોલ્યું? ખલનાયક?)

'ખરેખર તારે જોવી છે નાયિકા?
પાંચમા અંકમાં એ હવે થઈ છે
આડત્રીસની;
એની કાયા એટલે અહીંતહીં વેરાયેલી
વરવી પુષ્ટતાની ટેકરીઓ,
હોઠ પર રૂવાંટી, એને ઢાંકવા મથે પાવડરથી;
આંગળીનાં ટેરવાં ચપટાં,
એના પર ટાઇપરાઇટરના અક્ષરોનો દાબ;
એની પર્સમાં હજી પડ્યો છે
પાંચ વર્ષ પર લખાયેલો છેલ્લો પ્રેમપત્ર.
એના બે હાથ છલકાઈ જાય છે ફાઇલોથી;
પચાસ વર્ષના હેડક્લાર્કની ખંધી ટેવાયેલી
આંખો
કદિક ટહેલવા નીકળે છે એની કાયા પર.
દોડીને બસ પકડતી વખતે એનાં ઘૂંટણના સાંધા
કળે છે.
કોઈક વાર જાય છે પિકનિક પર
કશુંક બનશે એવી આશાએ.
દર વખતે કશુંક બનતાં બનતાં
રહી જાય છે;
સંસ્કાર, સંકોચ, ભય –
બધું ગણવા બેસે છે ને અર્ધેથી છોડી દે છે.
પણ હજી પાંચમો અંક પૂરો થયો નથી.

આશા છે, આશા છે, આશા... છે!

મને સંભળાય છે ખલનાયકનું ખંધું હાસ્ય.
કોણ હશે એ?
જાણું છું કે દુનિયામાં ખલનાયક જુદા વસતા નથી.
એ હોય છે તો આપણા જેવા જ,
કદિક આપણાથી વધુ સોહામણા:
આંખમાં કરડાકી નહિ, સ્નિગ્ધતા;
વાણીમાં ચીકણી મધુરતા.
બિઝનેસ એક્ઝિક્યુટિવની અદાથી ફરનારા
અથવા મૃદુભાષી સમાજસેવક,
અથવા –
અથવા, આગળ શા માટે જાઉં?
અથવા હું કે તમે.
ને નાયક?
શાલપ્રાંશુ, વ્યૂઢોરસ્ક, આજાનુબાહુ...
આટલેથી જ અટકું.
કદાચ નાયકની હથેળીએ પરસેવો વળતો હશે,
પિસતાળીસ પછીની મેદવૃદ્ધિથી
એ અકળાતો હશે,
સિગારેટની અનેક બ્રાન્ડ બદલીને હવે
પાઇપને યોગ્ય ખૂણે ગોઠવતો હશે.
વાંચતો હશે માત્ર રેલવેનું ટાઇમટેબલ
અને ટેલિફોનની ડિરેક્ટરી.
રાતના દસે ઘરે પહોંચતી વેળાએ
જાગી ઊઠતા અન્તરાત્મા સાથે ઝઘડતો હશે.
એકાદવાર છાનો છાનો આપઘાતના સાહસનો

વિચાર કરી જોયો હશે –
પછી એ વિચારને વ્હીસ્કીમાં ઓગાળીને
ગટગટાવી ગયો હશે.

કદાચ છેક ત્રીજા અંકમાં એ નાયિકાને
મળ્યો હશે,
અને તે પણ ખલનાયકની યોજનાથી.
હવે પાંચમો અંક પૂરો થાય તે પહેલાં
ખલનાયકને હંફાવવાની એને આશા છે,

આશા છે, આશા... ... છે.

હવે કોણ રહ્યું?

એમ તો રહ્યાં ઘણાં ય પાત્રો
અલપઝલપ આવીને જનારાં
જેને કારણે તમારે
કોઈ લાગણી ખરચવી ન પડે;
જેનાં પાત્રાલેખનની વિદ્યાર્થીઓ પણ
ચિન્તા ન કરે.
અલ્પમાત્ર સમયના એ હકદાર.
એ સમય દરમિયાન ખલનાયક
નવું કાવતરું ઘડે;
નાયિકા થોડા નિ:શ્વાસ નાખીને
આડે પડખે થાય;
નાયક ટાઇનો નોટ સરખો કરી લે.

પણ પાંચમા અંકમાં, છેક છેવટે,
આવીને
હું શું કરીશ?
હવે તો પહેલા અંકમાં ફૂલદાનીમાં ગોઠવેલાં
પ્લાસ્ટિકનાં ફૂલ પણ કરમાયાં છે,
ખૂણામાં મૂકેલો ટેલિફોન
હવે રણકતો નથી.
બધે નરી શાન્તિ જ શાન્તિ છે,
પ્રેક્ષકો નિ:સ્તબ્ધ છે,
કદાચ નાટકકારે મને
કશાકનું પ્રતીક બનાવ્યો હશે!

શેનું પ્રતીક? ભયનું? મરણનું?

મને વહેમ જાય છે:
કદાચ છેલ્લા અંકના છેલ્લા દૃશ્યમાં
મારા સિવાય બીજું કોઈ પાત્ર નહિ હોય.

આ નાટક કરુણાન્ત હશે?
કરુણ અને હું? અમારે શો સમ્બન્ધ?
દુ:ખ શેનાથી થાય તે જ
હું ભૂલી ગયો છું.
પિતાજી ગયા તો ય આંસુ પાડી શક્યો નથી;
મને આશા હતી કે થોડાંક તો આંસુ હશે,
હું હળવો થઈશ,
સગાં સન્તોષ પામશે.

કહેશે:
ના, લાગણી તો ખરી!
બાપની છત્રછાયા ગઈ, દુ:ખ ન થાય?
એ બિચારાને હવે...

પણ આંસુ વગરની રુક્ષ આંખો લૂછીને
મેં સન્તોષ માન્યો.
ના, કરુણને ને મારે કાંઈ સમ્બન્ધ નથી.
અત્યાર સુધી નાટકકારે કરુણની કશી
ત્રેવડ કરી નહિ,
હવે છેલ્લી ઘડીએ શું એ અકસ્માત યોજશે?

પણ ભલા,
મારું તો આ જીવવું એ જ એક અકસ્માત્.
ના, હું સુફિયાણી ફિલસૂફી ડહોળતો નથી.
કદાચ, નાટક ભયાન્ત હોઈ શકે.
જાણું છું કે આ સાંભળીને તમે હસશો;
સુખાન્ત નાટક હોય,
કરુણાન્ત નાટક હોય,
પણ ભયાન્ત નાટક?

પણ અન્તનો આધાર જો મારા પર જ હોય
તો
મને કશું કહેવાનો અધિકાર નહિ?

મને ભય લાગે છે,
શરીરે વિના કારણે પરસેવો વળે છે.

ના, મેં કોઈ વિકરાળ પશુ જોયું નથી,
મેં નથી જોયો કોઈ હત્યારાને.
માણસોને મરતાં જોયાં છે:
ગોળી ખાઈને, કશું ન ખાઈને,
જીવવાનું ભૂલી ગયા તેથી.
પણ એથી હું ભયભીત થયો નથી.

તમારો ભય તો ઊંચી જાતનો હશે,
આધ્યાત્મિક હશે.
તમારે મન કદાચ ભય અને ભગવાન એક હશે.

પણ મારો ભય તો મારા જેવો જ –
સરલ, નિરુપદ્રવી.

એને તમે તો તુચ્છ જ ગણો.
એના હાથમાં નહિ ખંજર
કે નહિ ભાલો.
એના હાથમાં માત્ર બ્રીફકેઇસ.
એ આપણી જેમ જ રસ્તો ઓળંગે.
ખભે હાથ મૂકે,
પણ મને એ ભયભીત કરી મૂકે.
યુદ્ધ મેં જોયાં નથી,
કદિક દૂરથી મોટરનું ટાયર ફાટવાનો અવાજ
સાંભળ્યો છે.
કે પછી શીશી ફૂટવાનો અવાજ.

પણ સાચું કહું?

મારામાં એક શેતાન વસે છે,
એ મને અવનવું દેખાડે છે:

બાગમાં જાઉં છું તમારી જ જેમ,
ફૂલો જોઉં છું
ને એકાએક વિચાર આવે છે:
આ ફૂલોને સ્થાને
ખોપરીઓ ખીલી ઊઠે તો?

રસ્તા પર નાળ જડેલા બૂટ ઠપકારીને
ચાલતા
સૈનિકોને જોઉં છું
ને મારી નજરે આસ્ફાલ્ટનો રસ્તો
બની જાય છે
કુંવારી કન્યાઓના પ્રશસ્ત ઉન્નત વક્ષ:સ્થળ.

તમારી જેમ જ સભાસરઘસમાં જાઉં
અને
મને હાડપિંજરો હસતાં દેખાય;
કાળો કાગડો જોઉં
અને
ગભરાઈ જાઉં:
હમણાં જ એ ગીતાનો શ્લોક બોલશે કે શું?

મને કોઈ વૃક્ષ પર વિશ્વાસ નથી,
બધાં જ મીંઢાં કાવતરાંખોર લાગે.
જલનો સ્પર્શ

મને
ખુશામતિયાની ચાપલુસી જેવો લાગે.
રેલવે સ્ટેશન
જંગલ જેવું બિહામણું લાગે.

કોઈ
મારા તમારા જેવો માનવી
બોલવા હોઠ ખોલે ને
હું ગભરાઈ જાઉં.
એના મુખની બખોલ પાછળ
શુંનું શું જોઈને છળી મરું,
મ્યુઝિયમમાં મને કોઈ
કાચ જેવું ધારદાર ચૂનેરી
હસતું સંભળાય.
મારા ઘરનો ચતુષ્કોણ સમય
મને
એનાં ખાનાંમાં પૂરી દે.
કચેરીમાં ભરવાના ફૉર્મમાંના પ્રશ્નો:
જન્મ્યા ક્યારે? મરશો ક્યારે?
શું કમાયા? શું ખોયું? –
મને ક્ષકિરણોની જેમ આરપાર વીંધે.

સૌથી વધુ ભય મને પડછાયાનો –
એ કદી પીછો છોડે નહિ.
અન્ધકાર અને પવન –
એ બે કોઈએ મોકલેલા ગુપ્તચર,

ચહેરો ભૂંસીને ફરે,
બધું જુએ,
બધું સાંભળે.

તમારો હાથ હાથમાં નહિ લઉં તો માફ કરજો,
પાંચ તો ઠીક
એક આંગળીને ય હું સહી શકતો નથી.
હું મારી નજર
તમારા પરથી નહિ ખસેડું તો
માઠું નહિ લગાડશો.
જે નજરની બહાર જાય
તેના પર મને વિશ્વાસ નથી.

સાચું કહું છું:
હું ભયભીત છું.
તમે જે નથી જોયું તે મેં જોયું છે.
ભયને અનુભવવાની
મારામાં એક નવી ઇન્દ્રિય ખીલી છે.
આ ભયાન્ત નાટકના
પાંચમા અંકનું
હું છેલ્લું જ પાત્ર હોઈશ
એવી તમે આશા રાખજો.

મનેય એવી આશા છે, આશા છે,
આશા... છે.

એપ્રિલ, 1974

## ડુમ્મસ: સમુદ્રદર્શન

સવારે ઊઠું છું ત્યારે
સાત સાગરનાં ઊંડાણથી આંખો આંજીને ઊઠું છું.
એથી જ તો હાથમાં હાથ રાખીને બેઠેલું સ્વજન
દ્વાપર કે ત્રેતાયુગ જેટલું દૂર લાગે છે.
પાસેથી બોલાતો શબ્દ
કાળની ગુફામાંથી ગોરમ્ભાઈને આવે છે.
મારી આજુબાજુની ચતુસ્સીમા પાંગરીને આકાશ બને છે.
મારો પડછાયો સુધ્ધાં આગલા ભવનો લાગે છે.
ગોખલામાંના દેવ પર સત્યયુગની કાન્તિ જોઉં છું.
દર્પણમાં મારું પ્રતિબિમ્બ
કોઈ અનાગત સમયના સંકેત જેવું લાગે છે.
શરીરનાં બંધન શિથિલ થઈ જાય છે.
હું ખનિજમાંથી ઉદ્ભિજમાં,
જળચરમાંથી સ્થળચરમાં,
કીટમાંથી પંખીમાં,
સહેલાઈથી અવરજવર કરી શકું છું.
એકાદ દુ:ખતો દાંત

કે આંખમાં પડેલી એકાદ કણી
ઇતિહાસના આદિકાળના રાજવંશના
નિકન્દનનું કારણ બની રહે છે.
નિરાકાર ઈશ્વર બનીને
વ્યાપ્તિમાંથી લુપ્તિમાં ચાલી જવા હું ડગલું ભરું છું
ને ત્યાં –
કશુંક ઠેબે ચઢે છે,
જોઉં છું તો હું જ,
કલિયુગનો નગણ્ય હું!
જે ઘરને કારાગાર બનાવીને જીવ્યો છે,
જે પ્રાણપણે લોકશાહીનાં મસોતાંથી પોતાનો ચહેરો ભૂસવાને મથ્યો છે;
જેણે આતતાયીના પડછાયા નીચે સલામતી શોધી છે;
જેણે આખી જિન્દગી પોતાની સામે જ
ઘૂરકયા કરવાનું વીરત્વ દાખવ્યું છે;
જે પોતાનું મૂળ શોધતો શોધતો
પશુની બોડ સુધી પહોંચી ગયો છે;
જે ગુપચુપ એકડાની પછીનાં
અનેક શૂન્ય ભેગો શૂન્ય થઈને લપાઈ ગયો છે;
જે –
શું કહું?
નિષ્ઠુર સૂર્યે મારી આંખમાંના સાત સાગરનાં ઊંડાણને શોષી લીધું છે!
હું મોતિયાનાં પડળ ચઢેલી આંખે
મારો ય આછો ઝાંખો માત્ર આભાસ જોઈને
ફરી પાછો મને મારી પ્રતીતિ કરાવવાના
ઉદ્યમમાં મચ્યો રહું છું.

અરે, છે તો નાની સરખી ડાળ,
ડાળ પણ નહીં, માત્ર મારી ભીંત પર પડતો એનો પડછાયો.
એ ભીંત પર ડોલે છે
ને મારું મન એના સમ્મોહનને વશ થઈ જાય છે.
મને ઉર્વશીનાં કનકગૌર ચરણનો નૃત્યલય દેખાય છે,
મને કોઈકનો ‘આવ, આવ’નો સંકેત કરીને બોલાવતો હાથ દેખાય છે,
મને એ ડાળની આજુબાજુ અડાબીડ વન ઊગેલું દેખાય છે.
એ ડોલતી શાખા મને પવન જોડે
આંબાપીપળી રમવા તેડે છે.
એ ડોલતી ડાળ જાણે જાદુઈ લાકડી!
મારા વણઉચ્ચાર્યા મનોરથોને સાંભળી લઈને
એ બોલ્યા કરે છે: ‘તથાસ્તુ, તથાસ્તુ, તથાસ્તુ.’

સાગર,
તું મને નષ્ટ કર.
મને ગર્ભમાંના મૃત શિશુની જેમ તારામાં લઈ લે.
પછી મારે અવતરવાનું જ ન રહે!
મને તારા પેટાળમાંનો વડવાનળ બનાવી દે –
જે પોતે પોતાને બાળ્યા કરે.
તારાં ફીણની ફણાથી મને ડંખી લે
જેના ઝેરમાંથી મને કોઈ ફરી ઉગારી ન શકે.
તારા પ્રલયને છુટ્ટા મૂકી દે
જેથી હું શીર્ણવિશીર્ણ થઈ જઈ શકું.
હું તારી અંદર સૂર્યથી અસ્પૃષ્ટ
આદિમ કાદવ બનીને મારામાં જ ઊંડે ઊંડે ખૂંપતો જઈશ.
ઈશ્વરનો શ્વાસ સુધ્ધાં જ્યાં પહોંચતો નહીં હોય

ત્યાં ઊંડે ઊંડે મને સંગોપી દે.
સૃષ્ટિના આદિકાળમાં સંતાડી રાખેલા
અન્ધકારમાં મને અન્ધકાર કરીને નિ:શેષ કરી નાખ.
મને પવન થવા લલચાવીશ નહીં,
મને વનસ્પતિ થવા લલચાવીશ નહીં.
તું પણ મને કાંઠે ફેંકી દઈ નહીં શકે
એવું વજન મને આપ.
સાગર,
તું મને નષ્ટ કરી દે.

મળવા તો ગયો હતો સમુદ્રને
પણ મળી ગયો પવન!
આંબાની પીઠ પર બેસીને, ઝૂલે ઝૂલીને
એણે આંબાને ખૂંધા કરી નાખ્યા છે.
કોણ જાણે કયા યુગની બારાખડીના પાઠ
એ મારી આગળ કરી જાય છે.
ભાંગેલા કૂવાની બખોલમાંના શિશુપીપળાના
એ રહી રહીને કાન આમળ્યા કરે છે.
બપોર વેળાએ બોરસલી નીચેના હીંચકા પર
એ એકલો બેસીને ઝૂલે છે.
મધરાતે કોણ જાણે શી ય વાત કરીને
એ બધી બારીઓને ખડખડ હસાવે છે
રાતે ઊંઘના આવરણને ખેંચી લઈને એ ભાગી જાય છે.
સમુદ્રની ભરતીને મારામાં ઠાલવી દઈને
મારી ત્વચાનાં સાતે ય પડને અબરખ જેવાં કરી દે છે.
આકાશ અને સાગરને એકાકાર કરી દેવાનાં બણગાં

એ આખી રાત મારા કાનમાં ફૂંક્યા કરે છે.
વર્ષો પહેલાંના એક દિવસને અહીં ઉડાવી લાવી
મારી આંખમાં એ આંસુની ઝાંય વાળી દે છે.

અન્ધકારના અસ્તરવાળો કાળો ડિબાંગ પવન
એક અજાણ્યે રસ્તે મને ભગાડી ગયો,
દાણચોરના હોડકાના ભંડકિયામાં મને ધરબી દીધો.
તેજાનાની તીવ્ર વાસથી હું જાગી ઊઠ્યો,
જોઉં છું તો ચારે બાજુ કૂવાથમ્ભનું જંગલ;
પવનમાં કમ્પતી કેળ જેવા શઢ કમ્પે;
સૂરજ પાણીમાં આંગળી બોળીને
શઢ પર લખ્યા કરે;
દૂર માછલીઓએ ફેલાવેલી જાળ –
પોલ ક્લીના ચિત્રની જાણે રેખાઓ!
ક્યાંક પાસેથી જ આવતી કોઈકના
કેશરાશિની ઉત્તપ્ત ગન્ધ!
જોઉં છું તો બોદલેરની પ્રિયતમા.
શઢની જેમ જ ફરકે છે એના કેશ.
પણ કવિ ક્યાં?
એ તો કેશરાશિના સમુદ્રના અતલ ઊંડાણમાં!
પણે ક્ષયગ્રસ્ત કોબિર્યેરનું ભાંગલું હોડકું.
આટલામાં જ ક્યાંક હશે રેંબો.
આફ્રિકાની તટરેખાને હાથનું છજું કરીને જોતો હશે.
થોડી જ વારમાં જાળ ઉપર ખેંચતા
મોટી માછલી જેવો ચન્દ્ર સપાટી પર આવ્યો,

ભંડકિયામાંનું ટમટમિયું હોલવાઈ ગયું,
રહ્યો કેવળ અન્ધકારના અસ્તરવાળો પવન.

સમુદ્ર હવે ચાલી ગયો છે દૂર દૂર,
ક્ષિતિજને છેડે માત્ર દેખાય છે એનો ધૂંધળો આભાસ.
હવે યાળ ઉછાળીને એ અહીં ત્રાડ નાખતો નથી,
કેવળ પવન સમુદ્રે મૂકેલા રિક્ત અવકાશમાં કણસ્યા કરે છે.
રાતે એનો વિલાપ મને ઉન્નિદ્ર બનાવી મૂકે છે.
હું અકારણ વેદનાથી વિહ્વળ થઈ જાઉં છું.
મારી આંખો હજી રાતે દીવાદાંડીની પ્રદક્ષિણા ફર્યા કરે છે.
ગઈ સદીના કોઈ વૃદ્ધ પ્રપિતામહનો ખોંખારો
બાજુની અવાવરુ ઓરડીમાંથી સંભળાય છે.
ઝરૂખામાં નવપરિણીતોની ગુંજગોષ્ઠિ ચાલી રહી છે.
કોઈ રૂમઝૂમ રૂમઝૂમ દાદર ઊતરે છે;
છેક મારા કાનને સ્પર્શી જાય છે
કોઈનો પ્રગાઢ ઉષ્ણ નિઃશ્વાસ.
મારા હોઠ પર કોઈકના ગઈ સદીના શબ્દો છે.
હું એ બોલવાની હિમ્મત કરતો નથી.
ક્યાંકથી આછું દબાયેલું હીબકું સંભળાય છે,
તરત જ કોઈ નારીનું મુક્ત હાસ્ય રણકી ઊઠે છે.
આ પ્રેતલોકમાં પ્રેત જેવો, પડછાયા જેવો
હું પડી રહું છું.
દીવાદાંડીનો ડોળો મારા પડછાયાઓનો ચોકીપહેરો ભરે છે.

બારણું અર્ધું ખોલીને,
અંદર પ્રવેશવાનો માર્ગ રોકીને,

ઊભી છે એ.
આંખમાં કરડાકી છે,
વસ્ત્રો અસ્તવ્યસ્ત, કેશ વિંખાયેલા.
આજે જોઉં છું તો રહી છે કેવળ બારસાખ,
જ્યાં એ મુખ જોયું હતું ત્યાં છે પંખીનો માળો.
તે દિવસે અહીં જે વેદનાને પાછળ મૂકી ગયો હતો
તેને હું ઓળખવા આવ્યો છું.
અમે ઉચ્ચારેલા બેચાર શબ્દ
કરોળિયાના જાળામાં ઝિલાઈ રહ્યા છે.
પગને ઠોકર વાગી અને કશુંક રણકતું દડી ગયું.
અહીં એક સાથે બધા ખાલી ઓરડામાંથી પડઘાઓ ગાજી ઊઠ્યા.

મેં જોયું તો એ પડઘાઓમાંથી જ
આકાર ધારણ કરી રહી હતી એક નારી.
એને મુખ નથી, એ છે નર્યો ઉચ્છ્વાસ.
એ મારા શ્વાસ સાથે પ્રવેશે છે મારામાં.
મારી અવાવરુ કાયામાં પણ કોઈ આળસ
મરડીને બેઠું થાય છે.
પછી આખી રાત હું એ બેનો સંવાદ
સાંભળ્યા કરું છું.

તાવથી ધગધગતા શરીરે વીંટેલા
ગરમ ધાબળા જેવી હવાને ઉશેટીને
હું અહીં દોડી આવ્યો છું.
શીળી છાયાઓના ઉપવનમાં
સમુદ્રના લયથી આખી રાત ગાતાં

બે સરુઓ આંગણામાં હતાં,
તે હવે નથી.
બપોર વેળાએ જે જાંબુડાની
કાળી છાયા નીચે બેસીને
એનું આતિથ્ય માણતા
તે જાંબુડો હવે નથી.
કૂવા પર કોશનો કિચૂડાટ નથી,
રાક્ષસની છાતી જેમ હાંફ્યા કરતો પમ્પ છે.
તો ય હજી ગ્રીષ્મનો રસ ટીપે ટીપે
ફાલસામાં ઝિલાયો છે.
કૂવાને થાળે હજી એવું જ છાયાઓનું ધણ બેઠું છે.
કાગડાઓ ઠીંગુ આંબાઓ વચ્ચેથી ઊડતાં ઊડતાં
કાચબાઓને સતાવે છે.
સક્કરખોર સાહેલીની મીઠાશ ચાખે છે.
કાળિયોકોશી ઘાસ બળે છે ત્યાં નિરીક્ષકની
અદાથી ઊભો રહે છે.
બગીખાનું ખાલી છે.
ઘોડાના પગથી રેતી કચડાવાનો અવાજ સંભળાતો નથી.
માણસો છે પણ મૂંગા મૂંગા.
એક રખડેલ કૂતરો વાડીનો માલિક થઈને ફરે છે,
સાંજવેળાએ આલુલાયિતકેશા કોણ અન્યમનસ્ક નારી
ઝરૂખામાં ઊભી હોય છે?

સમુદ્ર અને અન્ધકાર જ્યાં અભિન્નભાવે ભળે છે
તે નીરન્ધ્રતાના પોતને મારે સ્પર્શવું છે.
પણ હવે તો ભૂમિ એના તૃણાંકુર સાથે

સમુદ્રે ખાલી કરેલી જગ્યાએ ઠસી પડી છે.
સમુદ્રની કોઈ નામહીન લતાનાં ફૂલ ત્યાં હસી રહ્યાં છે.
સમુદ્રનાં મોજાંની આંગળીએ કોઈ લાકડાના ટુકડાને
શિલ્પમાં ફેરવી નાખ્યો છે.
પણ હવે તો નર્યો કાદવ.
એમાં તડકામાં તગતગતા કાદવ જેવી કાયાવાળા માછીમાર,
ભરતીની રાહ જોઈને કાદવમાં પ્હોરો ખાતી હોડીઓ,
નાનાં શિશુઓનો રૂમાલ ખેંચીને દોડી જતો પવન –
પણ મને અન્ધકારથી છવાયેલા સમુદ્રની માયા છે.
એમાં જે દૂરતા છે તેનું પરિમાણ મને ગમે છે.
કોઈકની આંખમાં મેં જે દૂરતા જોઈ છે
તેને હું આ દૂરતા વડે જ સમજી શકું છું
દૂર ચાલી ગયેલો સમુદ્ર પાછળ જે રિક્તતા મૂકી જાય છે
તેને અનુભવીને હું મારા હાથમાંથી સરી પડેલા
હાથની રિક્તતાને જીરવી શકું છું.
આથી જ તો હું સમુદ્રને સાથે રાખીને જ જીવું છું.

‘તો આવજો ત્યારે’
હું આટલું બોલું છું ને આખું ઘર એનો પડઘો પાડે છે.
એનાં આન્દોલનોથી વીંટળાયેલો હું ચાલી નીકળું છું.
બપોરનો સમય છે,
કૂવામાં છાયા ઊંડે ઊતરી ગઈ છે,
તાડ ઊભું ઊભું ઝોકાં ખાય છે,
સમુદ્રની ભરતી આવવી શરૂ થઈ છે,
પવન મોટાં મોટાં પગલાં ભરતો,
બારણાં ઠેલતો, આવી ચઢે છે.

એ મારાં વસ્ત્ર ઝાલીને મને પાછો ઠેલે છે.
થોડી રેતી મારી આંખમાં આંસુ લાવી દે છે.
વાડીનો માલિક કૂતરો મને ઠેઠ દરવાજા સુધી વળાવવા આવે છે.
એકાએક કશી ભીનાશ મને સ્પર્શી જાય છે –
એ પેલા દૂર ચાલી ગયેલા સમુદ્રનો સીકર?
એ ગત જન્મના કોઈકનો અશ્રુસન્દેશ?
હું ઘડીભર થમ્ભી જાઉં છું.
ત્યાં સહેલાણીઓનું એક ટોળું ઘોંઘાટ કરતું પસાર થાય છે.
આ દિવસો દરમિયાન અહીંના વાતાવરણમાંથી
ધ્વનિત થયેલા બેચાર શબ્દોને સાચવતો હું ચાલી નીકળ્યો છું.

એતદ્, નવેમ્બર, 1977

# થાક

હવે મને થાક લાગ્યો છે.
તમે માનશો? હું જન્મ્યો ત્યારે જ સત્તાવીસેકનો,
અરે કદાચ સિત્તેરનો હોઈશ!
મારો એક પુરાતત્ત્વવિદ્ મિત્ર કહે છે કે
મારા દાંત
હડપ્પા સંસ્કૃતિના મળી આવેલા અસ્થિપિંજરના
દાંતને મળતા આવે છે.
દ્વાપર યુગમાં પકડેલી ગદાના વજનથી
હજી મારો જમણો હાથ કળે છે.
ત્યાર પછી કાંઈ નહિ તો પચાસેક યુદ્ધોમાં
હું હણાયો હોઈશ.
ક્યાંક એકાદ ખાંભી પર
મારું નામ વાંચ્યાનું પણ મને સાંભરે છે.
એમ તો એક વાર કાયરતાનો માર્યો
ખેતરમાં ચાડિયો થઈને
ઊભો રહી ગયો હતો
તો ય ગોળીથી વીંધાઈ ગયો હતો!

હજી કોઈ વાર મારા શ્વાસમાં કોઈકને
પોટેસિયમ સાઇનાઇડની ગન્ધ આવે છે;
પ્રિયતમાને આલંગિન કરવા જતાં
મારા કાંડા પર ત્રોફાયેલી
પાંચ આંકડાની સંખ્યા પર નજર પડતાં
એ બિચારી છળી મરે છે!
આ તો જાણે હજી ગઈ કાલની વાત.
એમ તો મેં ઘણા પાઠ ભજવ્યા છે:
એક વાર ઘર છોડીને ભાગી ગયો
ત્યારે એમ હતું કે
ક્યાંક મારાથી થોડેક આગળ નીકળી ગયેલા
સિદ્ધાર્થનો ભેટો થઈ જશે,
પણ કોઈ મળ્યું નહિ!

મારી માએ પાડેલાં આંસુનું ઇન્દ્રધનુષ
મેં ત્યારે પૂર્વાકાશમાં જોયું હતું ખરું!
સમજણ આવતાં વાર લાગી,
સમજણ આવી ત્યારે હું હસ્યો:
આ ઘર વગરનાં ઘર!
એમાં કોઈ વસે તોય શું! એને કોઈ છોડે તોય શું!

પણ કોઈક વાર તો મને લાગે છે કે
હજી હું અન્તરીક્ષમાં જ છું,
છત્રીદળ સાથે પેરેશ્યૂટ બાંધીને
નીચે ઊતરતો હતો,
પણ હજી નીચે ને નીચે ઊતર્યે જ જાઉં છું,

ધરતી જ ક્યાંક અલોપ થઈ ગઈ લાગે છે.
એમ તો જીવતે જીવ ઘણી વાર
ધરતી પગ નીચેથી સરી ગઈ હતી!
પણ આ તો મારી ગેરહાજરીમાં
પૃથ્વીનો પ્રલય થઈ ગયો છે કે શું?
પણ આવું તો કોઈક જ વાર લાગે છે.
બાકી તો બૂટ ઠપકારતો, મારાં પગલાંના
પડઘા ગણતો
હું સૂની શેરીઓમાં ઘણી વાર ચાલતો હોઉં છું.
એમ તો કોઈક વાર મેં મને નવસ્ત્રો
ધ્રૂજતો પણ જોયો છે
ત્યારે ભાંગવા આવેલા કોઈ સામ્રાજ્યના
ચીંથરેહાલ ધ્વજને શરીરે
લપેટીને માંડ બચી ગયો છું!
આ અનેક સાંધાવાળી
થાગડથીગડ નિદ્રા
એ તો કાંઈ આશ્વાસન નથી,
એના છિદ્રમાં થઈને કોઈક વાર એવું કશુંક
મારામાં પ્રવેશી જાય છે
જે મને જ મારાથી અજાણ્યો કરી મૂકે છે!
પછી હું મને શોધવાનો ઉદ્યમ માંડી બેસું છું.
ત્યારે મને મારી કશી એંધાણી મળતી નથી –
થાય છે: આટલું જીવ્યો છતાં ય
ક્યાં ય મારું કશું ચિહ્ન કેમ નથી?
તો શું હું હતો એ જ

ઈશ્વરે કરેલી છેતરપિંડી?
ના, મારે ઈશ્વર સાથે યુદ્ધમાં ઊતરવું નથી;
હોવા ન હોવાની ફિલસૂફી ડહોળવી નથી.
હું તો સમયના કોટકિલ્લામાં છીંડું પાડીને
સમયની બહાર ભાગી છૂટવા ઇચ્છું છું.
પણ સમય મને દાઝી ગયેલી ચામડીની જેમ
ચોંટી રહ્યો છે!
એમ તો કોઈ વાર જીવ્યો છું એક નિરુપદ્રવી
અદનો આદમી થઈને,
આજ્ઞાંકિત બનીને,
પુરાતા પાયાના ચણતરમાં પથ્થર પણ થઈ જોયું છે,
વૃક્ષનાં મૂળની જેમ અન્ધકાર અને ભેજમાં
ગૂંચવાતો પણ રહ્યો છું.
અધી જંદિગી તો ખભે ચઢી બેઠેલાં
દેવદેવલાંને હેઠે ઉતારવામાં ગઈ છે.
એટલે તો કહું છું ને કે
હું ખૂબ થાકી ગયો છું.
કવિઓની શૂન્યની ભ્રામક કલ્પનાએ
મને છેતર્યો છે.
શૂન્ય તો કાચ જેવું બરડ છે.
એની બખોલમાં આરામથી પોઢી જવાશે
એ આશાએ
હું એમાં પેસવા ગયો હતો.
શૂન્યથી હું લોહીલુહાણ થયેલો
આદમી છું.

મરણ એટલે મોક્ષ
એ વાતમાં મને વિશ્વાસ નથી.
મરણ પછી ય સમય તો વળગેલો જ રહે છે
એ મેં મરેલાઓની આંખોમાં જોયું છે.
પછી ગણિત બદલાય છે, એટલું જ!
આ બધો પ્રપંચ ઊભો થયો
ઈશ્વરની ફોસલામણીથી, એની સાથે
જુગાર માંડી બેઠો તેથી.
મને તો હતું કે આવો ધરખમ ખેલાડી
આપણે તો જરૂર હારીશું,
હારવાને નિમિત્તે બધું પાછું વાળીને
છૂટી જઈશું!

પણ હું તો જીત્યે જ ગયો
પાંચ ઇન્દ્રિયો તો હતી,
બીજી વળગી દશ.
સૌથી પહેલાં તો હોડમાં મૂકી હતી આંખ
હતું કે આંખ જો હારું તો પછી બધું ભુંસાઈ જશે,
પછી હું ય નહિ રહું.
પણ ઈશ્વર ચતુર, મારી વાત પામી ગયો.
મારા મહેરબાન, હું તો એવો જીત્યો,
એવો સજ્જડ જીત્યો કે
ઊઘડી ગઈ એક સાથે હજાર આંખ!
આમ ઈશ્વરે તો ભારે અંચઈ કરી.
છેલ્લે મેં હોડમાં મૂકી વાણી
ને મારું આવી બન્યું,

હું ફરીથી જીત્યો –
પછી તો શબ્દો શબ્દો શબ્દો
ચારે બાજુથી મને ઘેરી વળ્યા શબ્દો.
ઈશ્વર તો હારીને મૂગો થઈ ગયો.
હું શબ્દોથી છૂટવા શબ્દોને ખંખેરું,
એ જોઈને અબુધ લોકો કહે,
'આ તો કવિતા કરે છે!'
ઋગ્વેદમાં થઈને બૃહદારણ્યકમાં પેઠો,
ત્યાંથી નીકળ્યો તે ભગવદ્ગીતામાં અટવાયો.
પછી તો મેં કાંઈ વીંધ્યાં છે વન –
પણ શબ્દો પાછળ સંતાવાનું તો ન જ બની શક્યું.
એટલે હું રહ્યો હુંનો હું!
થોડી વધુ ઉપાધિ, થોડાં વધુ વિશેષણો વળગ્યાં
તે નફામાં!
હવે એ બધું ઉપાડતાં થાક લાગ્યો છે.
હવે નથી રહેવું માણસ.
ના, કોઈ ઈશ્વર થવા લલચાવે તો ય
હવે હું ફસાવાનો નથી.
અણુમાંથી વિભુ
અને વિભુમાંથી અણુ થઈને
ફેંકાતો જ રહ્યો છું.
ખણ્ડેર થઈ ગયેલી જગતની રાજધાનીઓની
રજ ચોંટી છે મને,
પ્રલયોને હું શ્વસી ચૂક્યો છું.
હવે થાક લાગ્યો છે.

જોઈએ તો કાચીંડો થઈને કેળનાં પાનની
છાયામાં બેઠો રહીશ,
સરોવર નીચે નાનો શો કાંકરો થઈને
પડ્યો રહીશ,
હોલવાઈ ગયેલા દીપની ધૂમ્રરેખાની જેમ
વિખેરાઈને અદશ્ય થઈ જઈશ.

પણ હવે માણસ થવાનો થાક લાગ્યો છે.
મારી સાથે અટવાઈ અથડાઈને
થાકી ગયેલો મારો પડછાયો
તો ક્યારનો ય મારો સાથ છોડીને
ક્યાંક સરી ગયો છે.
મારે હવે ક્યાંક પગ વાળીને બેસવું છે.
બની શકે તો મારી હજાર આંખો બીડી દેવી છે.
મારી બધી ઇન્દ્રિયોને પાછી વાળી લેવી છે.
મારા વિસ્તરેલા બધા જન્મોને સંકેલી લેવા છે.
મારા અસંખ્ય શબ્દોને
એક ફૂંકે ઉરાડી દેવા છે.
મારે ક્ષણિક થઈને લય પામી જવું છે.
હું આ માણસ થઈને રહેવાના
ઉદ્યમથી થાકી ગયો છું,
થાકી ગયો છું.
હવે બસ.

એતદ્, મેઃ 1978

# કોઈક વાર

પ્રદક્ષિણા ફરતી પૃથ્વીની ઠેબે ચઢીને
હું સહેજ હડસેલાઈ ગયો,
હડસેલાતાં મારામાંથી હું છલકાઈ ગયો.
બહાર રેલાઈ ગયો.

તે ક્ષણથી હું ફેલાતો રહ્યો છું મારી બહાર,
ઓસરતો રહ્યો છું નક્ષત્રીય અવકાશમાં.
કોઈ વાર અથડાઈ ગયો છું
ઈશ્વર સાથે
ને સાંભળ્યો છે ઈશ્વરને રણકી ઊઠતો.

તો કોઈ વાર આતપ્ત ગ્રીષ્મના ભારથી ચંપાઈને
ઊંડે ઊંડે ઊતરી ગયો છું
વૃક્ષનાં મૂળની જેમ.

કોઈ વાર વટવાગળની પાંખોમાંના
અન્ધકારની જેમ
આન્દોલિત થયો છું.

કોઈ વાર આકાશના ગર્ભમાં રહેતા
પવનનો જોડિયો સહોદર
થઈને રહ્યો છું.
પૃથ્વીનાં પોપચાં વચ્ચેની નિદ્રાનાં જળને
મેં ક્યારેક ડખોળ્યાં છે.
મારી સાથે સધાયેલી આ મારી દૂરતાના તન્તુને
હું ઊર્ણનાભની જેમ લંબાવ્યે જ જાઉં છું.

સૂકી ડાળોનાં ઝાંખરાં વચ્ચે
ફસાઈ ગયેલા પંખીની જેમ
મારું હૃદય તરફડ્યા કરે છે.
જે શબ્દો મારી નજીક વસતા હતા

# તે હવે

યાયાવર પંખીની જેમ
દૂર દૂરના અજાણ્યા પ્રદેશમાં ઊડી ગયા છે.
કોઈ વાર લાગે છે કે
પુષ્પમાં પોઢેલી પરાગના જેવો હું
સાવ હળવો થઈ ગયો છું.
તો કોઈ વાર
ધાતુવતી ધરતીની જેમ હું સ્ફીત થઈ જાઉં છું.
માંડ માંડ મારી સમતુલા જાળવી રાખું છું.
કોઈ વાર વણશોધાયેલા પૃથ્વીના કોઈ ખણ્ડના અરણ્યની
નામહીન પશુપંખીની સૃષ્ટિ જેવો
હું મારામાં જ છદ્મવેશે લપાઈને રહું છું.

હું તો માનતો હતો કે આ મારી નવી રિક્તતા
મને રુચી જશે
પણ મારા ઠાલા થયેલા અવકાશમાં
કંઈ કેટલું ય અજાણ્યું વસવા આવી ચઢે છે.
કોઈક વાર એ હોય છે માત્ર ફૂલની ખરેલી પાંખડી જેવું,

તૂટેલા દાંત જેવું,
પણ મને પરિચિત પૃથ્વીનું ગુરુત્વાકર્ષણ
એ સહુમાં હોતું નથી,
આથી એ બધું મારામાં અવિરત
ચકરાયા કરે છે, ચકરાયા કરે છે.

જેને પાષાણ ગણીને પાષાણવત્ બોલવા જાઉં છું
તે ઉત્તર આપે છે તારાની ભાષામાં.

જેને આંખ માનીને એમાં દશ્યની જેમ સમાઈ જવા જાઉં છું
તે તો નીકળે છે કોઈ રાક્ષસી પંખીની પહોળી થયેલી ચાંચ.

મને લાગે છે કે રહ્યાસહ્યા મારે
મારામાંથી પૂરેપૂરા ભાગી છૂટવું જોઈએ.

પણ આ બરડ સમયના પડમાં
છિદ્ર પાડવું શી રીતે?

જાણે સાથે મળીને કાવતરું કરતો હોય તેમ
પવન આખી રાત મારી સાથે ગુસપુસ કરે છે,
પણ જ્યાં એની સાથે નાસી જવા કરું છું
ત્યાં એ કોઈ લંગડાની જેમ
મારે ખભે એનો ભાર મૂકી દે છે!
મને તો એમ કે મૌનમાં થઈને મૌનમાં
સહેલાઈથી સરકી જવાશે,
પણ મારા સહેજ સરખા સ્પર્શથી
એમાં બુદ્બુદો ઘૂઘવી ઊઠે છે!

ઇંટ, લાકડું, લોખંડ અને કાચમાં પુરાઈને રહેતો હતો
ત્યારે એ વધારે સહેલું હતું.
બારી હતી, બારણાં હતાં.
જેટલો ઘરમાં હતો, તેટલો બહાર હતો.

હવે હું વસતો નથી, મારામાં કશુંક વસે છે.
તેથી જ તો
પથ્થર નીચેની થોડી ભીનાશમાં રહેલા
જન્તુની મને અદેખાઈ થાય છે.
પણ મારી તો દશા જ જુદી છે;
મારું પગલું ચરણ વિનાનું ઠાલું છે.
એ પગલું આગળ વધે
તો ય હું તો ત્યાં ને ત્યાં!
જેને આંગળીને ટેરવે ભાંગ્યું હતું
તે એક ટીપું
હવે બ્રહ્માણ્ડ બનીને મારા પર
તોળાઈ રહે છે.

અન્યમનસ્ક બનીને પાંખડીને મસળેલી
તે આદિમ અરણ્ય થઈને મારામાં છવાઈ જાય છે.
રમતમાં ટાંકણીથી કાગળમાં કાણું પાડું છું
તો એકાએક એમાંથી ગ્રહનક્ષત્રહીન
સાત સાત આકાશ ધો ધો વહી જાય છે!
મારો હાથ મારા મુખ પર ફરે છે તો
રખેને એ મારો ચહેરો બદલી નાખે
એ બીકે હું છળી મરું છું.

આ મારું પરિચિત જળ
હવે અગ્નિ બનવાનું નાટક માંડી બેઠું છે.
કોઈ વસન્તઘેલું પ્રેમીજન
મને ઉદ્યાન માનવાની ભૂલ કરી બેસીને પસ્તાય છે.

પણ મને તો મારું એકાકીપણું
નામને ચોંટેલા વિશેષણની જેમ
બાઝી રહ્યું છે.

આ દરમિયાન રાત્રિના અન્ધકારનાં લણ્યા વગરનાં ખેતરો
વિસ્તર્યે જ જાય છે;
મારી આંખોમાં મરણ એના પડછાયાનું
માપ કાઢી રહ્યું છે;
હોવું ન-હોવુંના તાણાવાણામાં હું કશી ભાત ઉપસાવ્યા વિના
ગૂંચવાતો જાઉં છું.
એક સૂર્યની ચાવીથી બીજા સૂર્યનું તાળું
ખોલતો રહું છું.
વણઉકેલાયેલી લિપિના જેવો હું પોતે
મારા પર જ અંકાઈ ગયો છું.

ને છતાં
હવામાં સહેજ આન્દોલન થાય છે
કે તરત જ મારા હોઠ એને શબ્દરૂપે સારવી લેવા
તલસે છે;

પવન સાથેના ગુહ્ય સમ્બન્ધની વાત
હજી જળને મુખે સાંભળવી ગમે છે;

સમયના ઝીણા ટુકડા કરી કરીને ફેંકતા
ઘડિયાળને હજી હું મુગ્ધ બનીને જોયા કરું છું.

ફુગાયેલી રોટલીના પડ જેવી
આ વાસ્તવિકતાની હજી હું કવિતા રચ્યા કરું છું.

મારી હથેળીના ખાડામાં
હજી હું પ્રલયના જળને સંઘર્યા કરું છું.

ગુણાકાર ભાગાકાર કરતી મારી આંગળીઓને
હજી હું શૂન્યનો મહિમા સમજાવ્યા કરું છું.

ચીરાયેલા સઢ જેવા મારા શ્વાસને આધારે
હજી હું સાગર ઓળંગી જવાની હામ ભીડી રહ્યો છું.
એમ નથી કે ભૂલો મને નથી સમજાઈ

જેને હું મારો મહિમા સમજ્યો
તે તો
સૂર્યનું મારી સાથેનું હઠીલાપણું હતું.
જેને હું મારા શબ્દો સમજ્યો તે તો
નિર્જનતા સાથે અથડાતા અન્ધકારની છાલક હતી;
જેને હું મારો શ્વાસ સમજ્યો તે તો
ઈશ્વરના નામે વહેતી મૂકેલી અફવા હતી.
જેને હું મારો સ્પર્શ સમજ્યો તે તો
પવનની નરી અવળચંડાઈ હતી

અને છતાં

મારા જ ભારથી બેવડ વળી ગયેલા
મારા નામ સાથે
હું જીવતો રહ્યો છું.

કોઈ અપરાધી દેવાદારની જેમ
શા માટે હું આ બધો હિસાબ આપવા બેઠો છું?
પાનખરની વાસથી શ્વાસ રૂંધાઈ ગયો છે.
લોહીમાં બોડાં ઝાડના પડછાયા નાચે છે.
આંખ દરેક ખરતા પાંદડા સાથે ખર્યા કરે છે.
છતાં મારું મીંઢું હૃદય
મારાથી સંતાઈને એક ખૂણે
વસન્તની બારાખડી ઘૂંટવા બેસી ગયું છે.
મોડું મોડું પણ હવામાં એક આશ્વાસન છે:
હજી કદાચ જીવી જવાયું હોત!

ગોકળગાય જેમ ચાલતી ચાલતી
પાછળ રૂપેરી રેખા આંકતી જાય
તેમ મારી પાછળ પાછળ રૂપેરી પ્રશ્ન અંકાતો આવે છે.
કોઈ એને ઉકેલવાને ફિલસૂફીનાં થોથાંમાં દટાય
તો એ મારો વાંક?

મારી બે આંખોનાં બારણાં ઠેલીને
મને શોધતાં કોઈ ભૂલું પડે
તો એ મારો વાંક?

સમ્ભવ છે કે હજી મારામાંથી
એકાદ વૃક્ષ મહોરી ઊઠે,

એના પર એક નવું જ આકાશ
છવાઈ જાય,
અને કોઈ ફૂટતા પ્રભાતે
કોઈ નવું જ પંખી એની ડાળે ટહુકી જાય.
એથી જ તો હજી હું મારાથી
બહુ દૂર નીકળી ગયો નથી;

સાચું કહું તો પૃથ્વીનો બીજો હડદોલો
મને પાછો મારામાં પૂરેપૂરો હડસેલી દે
એવી આશા મેં છોડી નથી.
પણ એ વૃક્ષને ઊગવા માટે,
એ આકાશને વ્યાપવા માટે,
એ ટહુકાને ઝીલવા માટે,
થોડા વધુ રિક્ત તો થવું જ પડશે.
આથી જ તો મને છે રિક્તની આસક્તિ.
રિક્ત પારદર્શક
એને નવી નવી આંખો ખૂલે,
એથી જ તો આકાશમાં મૂળ નાખે
એવા જ વૃક્ષની મને માયા.

કોઈ વાર મારા શબ્દો પાછા આવશે,
કદાચ હું પોતે એમને એકદમ ઓળખી ન શકું.
અન્યમનસ્ક ભાવે એ કૂંપળોને હું તોડી પણ નાખું.
પણ એથી જે કસક થશે
એથી જે નિ:શ્વાસ સ્ફુરશે
તેના સ્પર્શને મારા હોઠ ઓળખી લેશે.

પછી શબ્દે શબ્દે વિશ્વ સારવીશ,
છોને ઈશ્વર મારી સામે હોડ બકે.
પણ એ ય સમ્ભવ છે કે શબ્દો મને શોધતા આવે
ને હું ન હોઉં.
કદાચ ઘરનાં બારીબારણાં મરી ગયાં હોય,
કદાચ તાળું ખોલતાં મારા હાથે મને દગો દીધો હોય,
કદાચ મારી ગેરહાજરીએ જ મારા ઘરમાં
કુટુમ્બકબીલો વિસ્તાર્યો હોય.

તો સમ્ભવ છે કે હું એ સરનામે નહિ મળું.

એતદ્, જાન્યુઆરીઃ 1979